May 2020, issue no. 6

# Roshni

## Reaching Out to Serve Humanity with New Initiatives

*(મતલબ કે જેટલું શક્ય હોય તેટલા વધુ લોકો સુધી સેવા પહોંચાડવી અને કંઈક નવું કરવાનો પ્રયત્ન કરવો તે આશયથી આ સામાયિકનું નામ "રોશની" રાખવામાં આવ્યું છે.આ દ્વારા ઘણી દૂર સુધી ઉજાસ ફેલાવવાનો પ્રભાતનો નમ્ર પ્રયત્ન છે)*

### બડી દ્વારા કાર્ય

કહેવાય છે કે તમે કોઈને વસ્તુની કે પૈસાની ભેટ આપો તે અમુક સમય બાદ કદાચ બિનઉપયોગી બની જાય છે.



પરંતુ જો કોઈ સાચો દોસ્ત એમ વિચારે કે મારે મારા મિત્રને કંઈક એવી ભેટ આપવી છે કે જે તેને હર-હંમેશ કામ આવે. બાળકો એ બાબત ઉપર ખૂબ ઉંડાણથી વિચાર કર્યો કે એવું શું હોઈ શકે? શિક્ષક અને પેરેન્ટ્સે પણ આ બાબતે બાળકોને વિચારવા માટે પ્રેર્યા. અને બાળકો આ વિશે થોડા પ્રયત્નના અંતે વિચારી શક્યા. તેમણે તેમની રજૂઆત શિક્ષક અને પેરેન્ટ્સ સામે કરી અમે અમારા બડીને કંઈક શીખવીશું જે તેમને હર-હંમેશ કામ લાગે. અને આના માટે બધા બડી કામે લાગી ગયા. તેમનામાં રહેલી ક્રિએટીવીટી દેખાવા લાગી.





હાલમાં કોરોનાના કારણે જીવન જીવવાની પદ્ધતિ બદલાઈ રહી છે ત્યારે આ બદલાવ લાવવામાં મદદરૂપ થવા માટે કોઈ કે સેનેટાઇઝ માટે તો કોઈ કે સોશીયલ ડિસ્ટનસીંગ માટે તો કોઈ એ ઘરમાં રહીને સલામત રહેવા માટે, કસરત કરીને કેવી રીતે રોગપ્રતિકારક શક્તિ વધારવી તેના માટે તો કેટલાકે બોધ કથા દ્વારા સારી વાત શીખવા મળે તે વિષય ઉપર ખૂબ સરસ નાના વિડીયો બનાવ્યા. અને તેમનો આ અનમોલ ખજાનો પોતાના બડી માટે મોકલ્યો.

આમ લોકડાઉનના સમયમાં પણ પોતાના બડી માટે ઉત્તમમાં ઉત્તમ કાર્ય કરીને સાચી દોસ્તીનો પરિચય આપ્યો.

### મીટીંગ

- તા. 15/05/2020ના રોજ કેશવસરે Samhita-I.D.F.C દ્વારા આયોજિત વિડીયો મીટીંગમાં ભાગ લીધો હતો જેમાં ઘણી સંસ્થાના અગ્રણીઓ જોડાયા હતા અને હાલમાં ઉભી થયેલ પરિસ્થિતિનો સામનો કરીને કઈ રીતે હ્યુમન પ્રોટેકશન થવું જોઈએ તે વિશે ચર્ચા થઇ હતી.
- સંસ્થામાંથી કેશવસરે 'ConnectFor' સંસ્થાની એક ઓનલાઇન મીટીંગમાં ભાગ લીધો હતો. જેમાં મુખ્યત્વે ફંડ રેસિંગ અને સોશિયલ મીડિયા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.



## અસંખ્ય હોમવીઝીટ

નવાઈ લાગે છે ને હોમ વિઝીટ?

અને તે પણ લોકડાઉનમાં? જી હા.....



ટેક્નોલોજીના માધ્યમથી બાળકોને એક્ટીવીટી આપવી અને તેના વિડીયો મેળવ્યા તેમાં અસંખ્ય બાળકોના ત્યાં પ્રભાત શિક્ષકો પહોંચી ગયા છે. આ વિઝીટમાં બાળકના ઘરનું વાતાવરણ જાણ્યું છે તેમના પેરેન્ટ્સ અને વડીલ વિશે જાણ્યું છે, તેમના ભાઈ-બહેન વિશે જાણ્યું છે. બાળકનું ઘરમાં સ્થાન તેનું વર્તન વિશે જાણ્યું છે. ઘરના આસપાસના વાતાવરણ વિશે જાણ્યું છે. અને પેરેન્ટ્સ સાથે અંગત વાતો કરી છે. આ પણ એક વાર નહીં અનેકવાર. કદાચ ગોઠવણ કરીને ગયા હોય તે હોમવીઝીટમાં પણ આટલી જાણકારી ના મેળવી શકાય તેટલી માહિતી બાળકના ઘર, તેના ફેમિલી વિશે જાણી શકાય છે.

## "લોકડાઉન વિડીયો અને ફોટા!"



લોકડાઉન વિડીયો અને ફોટાનું શિક્ષકો અને થેરાપીસ્ટ માટે એક વોટ્સઅપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે. બધા જ શિક્ષકો પોતાના સ્ટુડન્ટ્સના આવેલ વિડીયો આ ગ્રુપમાં શેર કરે છે. અને સાચું કહું તો આ લોકડાઉન સમયમાં બાળકોની એક્ટીવીટી કરતા અસંખ્ય વીડિયોનું એક મોટું આલ્બમ બની ગયું છે અને તેમાં અમુક એક્ટીવીટી તો બિલકુલ અલગ જોવા મળે છે. ઝાડ નીચે રમત રમતો બાળક, ગીત ગાતો બાળક, ડાન્સ કરતો બાળક, રસોઈમાં મદદ કરતો બાળક, ભાઈ-બહેન સાથે રમતો બાળક, વાર્તા સાંભળીને જવાબ આપતો બાળક, ઘરની વસ્તુ ગોઠવીને ડિઝાઈન બનાવતું બાળક આ બધું ખૂબ જ અદભુત  રીતે જોવા મળી રહ્યું છે. પેરેન્ટ્સ, સિબલિંગ બાળક, શિક્ષક અને સંસ્થાનો અદભુત સમન્વય એટલે લોકડાઉન વિડીયો અને ફોટા.

ખરેખર બાળકોનો આ વિડીયો સંગ્રહ ખૂબ જ અદભુત છે આટલા બધા બાળકોનો તેમના ઘરે તેમના ફેમિલી મેમ્બર સાથે કાર્ય કરતા વિડીયોનો સંગ્રહ સંસ્થા માટે અવિસ્મરણીય સંભારણું બની રહેશે. તકલીફમાં ''તક એ આનું નામ!'' જો લોકડાઉન ના હોત તો આટલો સરસ સંગ્રહ આપણી સાથે ક્યારેય ના હોત.

## કોરોના vs. પ્રભાત



કોરોના મહામારી મચક આપવાનું નામ નથી દેતી. લોકડાઉન ઉપર લોકડાઉન વધે જાય છે. બધી જ પ્રવૃત્તિ થંભી ગઈ છે. ધંધો-રોજગાર બંધ છે. પરિસ્થિતી સામે સૌ કોઈ લાચાર જોવા મળે છે. આવા સમયે પ્રભાતે પોતાના પેરેન્ટ્સ માટે એક સૈન્યનું કામ કર્યું છે. અને જાણે કે અડગ નિર્ધાર કર્યો છે કે પ્રભાત સાથે સંકળાયેલ વ્યક્તિના ઘરમાં ચૂલો નહીં જલે તેવું નહીં જ બને. ચાહે કોઈ પણ મુસીબતનો સામનો કરવો પડે પ્રભાત આ

વ્યવસ્થા કરશે જ.

આના માટે પ્રભાતના સેના-નાયક સમાન શ્રી પ્રણવસરે N.G.O , સામાજિક સંસ્થાઓ, ગર્વમેન્ટ લાભ દ્વારા અનાજ અપાવી,



અંત્યોદય કાર્ડ કઢાવીને તેના દ્વારા અનાજ અપાવવું. રેશનિંગ કાર્ડ હોય તેને પણ અને રેશનીંગ કાર્ડ ના હોય તેને પણ તમામ રીતે મદદરૂપ થવાની કમ્મર કસી છે. તેમની સેના સમાન પ્રભાત ટીમ તેમની સાથે છે. અને અદભુત સમન્વયથી ત્રણ માસ સુધી પેરેન્ટ્સને અનાજ કીટ અપાવી છે. અને એક ભગીરથ કાર્ય કર્યું છે.

સંસ્થાએ હંમેશા મદદરૂપ બનવાની કોશિશ કરી છે. છતાં ક્યારેક સાંભળવા મળતુ તું કે આ લાભ નથી મળ્યો અને આ કાર્ય નથી થયું. આ રીતની વાતો કરનાર લોકો અત્યારે બિલકુલ બોલતા બંધ થઇ ગયા છે. અને મોમાં આંગળા નાખી ગયા છે.

આનું સારું પરિણામ એ આવ્યું છે કે સંસ્થા અને પેરેન્ટ્સનો રેપો ખૂબ જ સારો બની ગયો છે. સંસ્થાના આ કાર્યમાં પેરેન્ટ્સ પણ મદદરૂપ થયા તૈયારી બતાવે છે અને એક જગ્યાએથી બીજી જગ્યાએ કીટ પહોંચાડવાની કામગીરીમાં સહભાગી બને છે.

કદાચ પ્રભાત ટીમના મેમ્બર તરીકે વ્યક્તિગતરૂપે પણ આ સારા કાર્યમાં સહભાગી થવાનો આત્મ સંતોષ દરેક ટીમ મેમ્બર અનુભવી શકશે.


" અમને પ્રભાત માટે ગર્વ છે."

## મુબારક હો!

બાર બાર દિન યે આયે, બાર બાર દિલ યે ગાયે

તુમ જીયો હજારો સાલ, યે મેરી હે આરઝૂ,

હેપી બર્થ ડે ટૂ યુ, હેપી બર્થ ડે ટૂ યુ.



તા.05/05/2020

પ્રભાત ટીમ તરફથી જન્મદિવસની ખુબ-ખુબ શુભેછાઓ.

## પ્રેરણા



મિત્રો આજે વાત કરવાની છું. આપણા કલીંગ લક્ષ્મીબેન વિશે એક વ્યક્તિ કેટલા મોરચે સક્ષમ રહીને સફળ રીતે કાર્ય કરી શકે છે. તેનું ઉત્તમ ઉદાહરણ આપણી વચ્ચે જ છે. અને એ છે આપણા કલીગ શ્રી લક્ષ્મીબેન.



લક્ષ્મીબેન એક સ્પે. બાળકના માતા હોવા ઉપરાંત એક શિક્ષક એક ગૃહિણી પણ છે. આ લોકડાઉન સમય દરમ્યાન તેમની અદ્ભૂત કામગીરી આપણને જોવા મળી.

પ્રભાત કોમ્યુનિટીમાં હેલ્પનું કાર્ય કરે છે. આવા સંજોગોમાં કોમ્યુનિટીમાં અવેરનેસ ફેલાવવી અને મદદ કરવી એ બંને સંસ્થાનું મુખ્ય કાર્ય છે. તેમાં લક્ષ્મીબેને સૌ પ્રથમ પોતાની સીવણની કલાનો ઉપયોગ કરીને આ નવી ચેલેન્જ માટે અસંખ્ય માસ્ક તૈયાર કર્યા. એટલું જ નહીં આસપાસના એરીયામાં ઘરે ઘરે ફરીને સંસ્થા વતી માસ્ક પહોંચાડવાનું કાર્ય સફળતાપૂર્વક પાર પડ્યું.

ત્યારબાદ શહવાડીના કોમ્યુનિટી વિસ્તારમાં પ્રભાત દ્વારા જરુરીયાતમંદ પેરેન્ટ્સને ત્રણ ત્રણ વખત અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું. તે બધી જ કીટ માટે  કલેક્ટર કચેરીના અધિકારી સાથે રહીને ફોર્મ ભરાવવા, પેરેન્ટ્સને બોલાવીને કીટ અપાવવી, તેનો રેકોર્ડ રાખવો, તેનું ફોટો કલેક્શન કરવું વગેરે તમામ જવાબદારી તેમને ખૂબ જ સરળતાપૂર્વક નિભાવવી તે પણ પોતાના ઘરની જવાબદારી સાથે.





મારી જોડે થયેલી વાત દરમ્યાન જયારે છેલ્લી વખત અનાજની કીટનું વિતરણ ચાલુ હતું ત્યારે તો હર્ષને સખત તાવ પણ આવતો હતો. વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે વાયરસ ઈન્ફેક્સનનો ડર પણ સતાવતો હતો. પ્રાઈવેટ દવાખાના બંધ હતા. છતાં તે ધીરજ રાખીને વારાફરતી દવાખાનાની મુલાકાત લેતા હતા અને નિરાશા સાથે પાછા ફરતા હતા. બીજે દિવસે એક ચિલ્ડ્રન હોસ્પિટલમાં હર્ષનો ઈલાજ કરવાની હા પાડી પરંતુ હર્ષ, લક્ષ્મીબેન અને તેમના હસબન્ડ મનોજભાઈનું કોરોના ટેસ્ટિંગ કરે તે પછી જ અંદર જવાનું જણાવ્યું. સખત માનસિક તણાવ સાથે ચેકીંગ કરાવ્યું. રિપોર્ટ આવ્યા બાદ ડોક્ટરે હર્ષનો કેસ હાથમાં લીધો. ત્યારબાદ દવા લીધા પછી હર્ષને સારું હતું અને એક બાજુ કીટ વિતરણનું કામ ચાલુ હતું. છતાં પણ ઘરમાં હર્ષની દેખરેખમાં કે કીટ વિતરણના કાર્યમાં જરાય કચાશ નહોતી. આ માટે તેમના ફેમેલીનો તેમને સંપૂર્ણ સપોર્ટ હતો.



આ ઉપરાંત લક્ષ્મીબેન હર્ષના પેરેન્ટ્સ પણ છે. આની સાથે હર્ષની એક્ટીવીટીના વિડીયો શિક્ષકને મોકલવાના તેમાં પણ લક્ષ્મીબેન રેગ્યુલર કાર્ય કરતા.

એક શિક્ષક તરીકે પોતાના સ્ટુડન્ટને એક્ટીવીટી આપવી અને વીડિયોમાં 'વર્ક ફ્રોમ હોમ' મંગાવવું તેમાં પણ લક્ષ્મીબેન પોતાના સ્ટુડન્ટના વિડીયો રેગ્યુલર મોકલેલ છે.

આ ઉપરાંત તેમની પોતાનામાં રહેલી ક્રિએટીવિટીનો ઉપયોગ કરીને વેસ્ટ કાપડમાંથી ખૂબ સુંદર 'ડોર-મેટ' બનાવવાનું કાર્ય પણ કરેલ છે. અને છતાંય તેમના ફેસ ઉપર હંમેશા સ્માઈલ હોય છે.

ખરેખર લક્ષ્મીબેન પ્રભાત ટીમની પ્રેરણા છે.

## વિશિષ્ટ બાળકો માટે બદલાયેલ જીવનશૈલી



મોઢા ઉપર ફરજીયાત માસ્ક પહેરવાનો આરોગ્યની સલામતી માટે હેન્ડ ગ્લોવ્સ પહેરવા, વારંવાર હાથ ધોવા, બહારથી આવીએ એટલે આપણી સાથે જે કઈ વસ્તુ છે તેને ડીસઈનફેક્ટ કરવી, સોશિયલ ડિસ્ટનસીંગ જાળવવું. આ બધી ટેવો સામાન્ય માણસ માટે જીવનમાં લાવવી એ ઘણું અઘરું છે.

તો આવા સંજોગોમાં વિશિષ્ટ શિક્ષકો માટે ખૂબ મોટો પડકાર ઉભો થયો છે. વિશિષ્ટ બાળકોને કઈ પણ શીખવા માટે ઘણો એટલે ઘણો લાંબો સમય પસાર થઇ જાય છે. ત્યારે હાલમાં તો શીખેલી ટેવ બદલીને નવેસરથી શીખવવાનું એવી કલ્પના પણ ખૂબ અઘરી છે.

વિચારો કે,

- ઘરના બારી-બારણાં પણ ના બંધ કરવા દેતા હોય અને હંમેશા ખુલ્લા વાતાવરણમાં બેસવા માંગતા હોય તે બાળકના મોઢે માસ્ક પહેરાવવાની ટેવ કેવી રીતે પાડવાની?
- સાથે રમીયે, સાથે જમીએ શીખવાડ્યા પછી સોશિયલ ડિસ્ટર્નિંસગ કઈ રીતે શીખવવાનું?
- એકબીજાની નજીક બેસીને ધમાલ-મસ્તી કરવાવાળા બાળકોને એકબીજાથી ત્રણ ફૂટ દૂર રહેવાનું કઈ રીતે શીખવવાનું?
- જો ઓછી હાજરી સાથે કાર્ય કરવાનું થાય તો બાળકો તેમના મિત્રને યાદ કરશે. તેમના રસ અને રુચી કેવી રીતે જાળવી રાખવાના?
- વ્હાલથી વળગી પડતા બાળકોને દૂર રહેવાનું કઈ રીતે શીખવવાનું?



આવા અનેક પ્રશ્નોનો સામનો ત્યારે કરવાનો આવશે કે જયારે વાસ્તવિકતામાં કાર્યની શરૂઆત થશે. બદલાવ સાથે પણ જિંદગીની રફ્તાર અટકવાની તો નથી. પણ બદલાવ અપનાવતા થોડો સમય તો

લાગે જ છે.
કહેવાય છે કે "જરૂરીયાત એ અવિષ્કારની માતા છે." વિશિષ્ટ શિક્ષકો માટે પોતે અને બાળકોમાં બદલાવ લાવવાની જરૂરીયાત ઉભી થઈ છે. આ વિષયમાં નવી ટેકનીક પર વિચારવાની અને મનોમંથન કરવાની. અને આમ કરવાથી જ આવિષ્કાર સર્જાશે અને નવી દિશા ખુલશે.
વિશિષ્ટ શિક્ષકોએ આના માટે પ્રતિબદ્ધ બનવું પડશે.

## રજિસ્ટર્ડ ઓફિસ

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં રોક-ફેલર ફાઉન્ડેશને 3 વર્ષ માટે ફંડિંગ આપેલ હતું. જે ફંડિંગ નો સમય મે, 2020માં પૂરો થયેલ છે. આ ફંડિંગની સહાયતાથી સંસ્થા ભવિષ્ય માટે ઘણું-બધું કરી શકી છે અને સંસ્થામાં ઘણો વિકાસ થયેલ જોવા મળ્યો છે. 31st, મેના દિવસે 3 વર્ષનો પ્રોગ્રામ રીપોર્ટ અને ફાઈનાન્સ રીપોર્ટ સંક્ષિપ્તમાં સબમિટ કરી દેવામાં આવ્યો છે. સંસ્થાને આશા છે કે રોક-ફેલર ફાઉન્ડેશન પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનને ભવિષ્યમાં ફરીથી સહાય કરશે. રોકફેલર ફાઉન્ડેશનનો સાથે-સહકાર હંમેશા પ્રભાતને મળતો રહે તેવી અપેક્ષા સાથે ખુબ-ખુબ શુભેછા.

### બોર્ડ મિટિંગ

તા.13/05/2020ના રોજ પ્રભાત ટ્રસ્ટીની વિડીયો બોર્ડ મિટિંગ થઈ. જેમાં પ્રભાતની વર્ષ દરમ્યાનની કાર્યવાહી ઉપરાંત મુખ્યત્વે લોકડાઉન દરમ્યાન પ્રભાતની કામગીરી અંગે ચર્ચા થઈ. અને લોકડાઉન દરમ્યાન પ્રભાતની બાળકો સાથેની કામગીરી, ઓફિસ વર્ક, પેરેન્ટ્સ સાથેનું કાર્ય, કોમ્યુનિટીમાં આ મહામારીના સમયમાં પ્રભાતની અભૂતપૂર્વ કામગીરી વિશે જાણ્યું હતું. વિડીયો જોયા હતા. સંસ્થાનો એન્યુઅલ રિપોર્ટ, ફાઈનાન્સ રિપોર્ટ, ઓડિટ રિપોર્ટ, રોશની મેગેઝીન વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી. અને આવતા વર્ષ માટેની સંસ્થાની પ્રવૃત્તિ અંગેની પર ચર્ચા કરવામાં આવી હતી. ભવિષ્યમાં સંસ્થાને કઈ રીતે આગળ લઇ જવી તે વિષય પણ ચર્ચિત હતો. ટ્રસ્ટીએ પ્રભાતની ટીમને અને તેમની કામગીરીને ખૂબ પ્રસન્નતા સાથે બિરદાવી હતી. કોરોનાના કારણે કન્ટેનમેન્ટ ઝોન દણીલીમડામાં પરિસ્થિતી ખૂબ જ નાજુક હોવાના કારણે બાળકોની સલામતી અને કોરોનાની અનિશ્ચિતતાના કારણે દાણીલીમડા સેન્ટર બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો.




### રોશની મેગેઝીનનું ભવિષ્ય




સંસ્થાની બોર્ડ મીટીંગમાં ટ્રસ્ટીએ રોશની મેગેઝીનની ઘણી પ્રશંસા કરી. તેમના તરફથી રોશનીના ભવિષ્યમાં ઘણા સુઝાવ આવ્યા છે કે રોશનીને હવે સંસ્થા ઉપરાંત અન્ય લોકોને પહોંચાડવું જોઈએ. તેમના આ સુઝાવ માટે કેશવસર, દિવ્યા, પ્રણવસર, જાગૃતિબેન અને હિનલે ઓનલાઇન મિટિંગ કરી હતી. આ મીટીંગમાં બધાએ પોતાના મંતવ્યો રજુ કર્યા અને આ મંતવ્યો પ્રમાણે આવતા મહિનાથી રોશનીને એ ઢબમાં તૈયાર કરવામાં આવશે.

### પ્રભાતમાં યુ-ટ્યુબ અને સોશિયલ મીડિયા ચેનલથી પ્રોગ્રેસ




- અમારા રીવરસાઈડના બડીઝ લગભગ 20 વિડીયો તૈયાર કરીને સંસ્થાને આપેલ છે. આ વીડિયોમાં સ્ટોરી ટેલિંગ, એક્સરસાઇઝ, પોયેમ અને આર્ટ એન્ડ કાફ્ટનો સમન્વય થાય છે. આ વિડીયો સંસ્થાના બાળકોની સાથે શેર કર્યા છે.
- ડેનિસ, રોબર્ટ અને રાજે પણ સંસ્થાના બાળકો માટે સરળ ગેમના વિડીયો બનાવ્યા છે. જે વિડીયો પણ સોશિયલ મીડિયા પાર મુકવામા આવ્યા છે.
- હિનલએ કોમ્યુનિટી તરફથી આવેલ વીડિયોને એડિટ કરી તૈયાર કર્યા અને તે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા છે.
- સંસ્થાના સોશિયલ મીડિયા પર ફોલોવર્સમાં વધારો જોવા મળી રહ્યો છે

## વેબસાઈટ મીટીંગ

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનએ પોતાની વેબસાઈટ અંગેની ચર્ચા માટે એક ઓનલાઇન મીટીંગનું આયોજન કર્યું હતું. આ મીટીંગ જોની અને રોબર્ટો કે જેઓ (મેક્સ-સ્ટુડિયો, રોમ) વેબડેવલપર છે. જોની અને રોબર્ટો સંસ્થાની વેબસાઈટના કામમાં પણ મદદ કરે છે. કેશવ, દિવ્યા અને રાજ તેનો ભાગ હતા. એ મીટીંગમાં કેટલાક નિર્ણાયક ફેરફારોની ચર્ચા કરી હતી, જે સંસ્થાની માહિતીને વધુ અપડેટ રાખવા સાથે વેબસાઈટ પર કરવાની જરૂર છે. આ રીતે આ મીટીંગમાં ઉંડાણપૂર્વક વેબસાઈટ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## અનલોક ૧

ગુજરાત રાજ્યમાં જયારે ગવર્મેન્ટે અનલોક.1 જાહેર કરી દીધું છે ત્યારે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન પણ પોતાની રજીસ્ટર્ડ ઓફિસ 1લી જૂને, 2020 ચાલુ કરી દેશે.

# Photo Gallery

### અન્ન ભ્રમ યોજના ગવર્મેન્ટ ઓફ ગુજરાત




















## બાળકોની પ્રવૃત્તિ















PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

**Prabhat Education Foundation**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar
Ahmedabad-380015
**Phone:** +91 - 79 - 4890-3054; Mobile: +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org